| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર (P.R.O.)<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |

તા.૩૦/૦૬/૨૦૨૩ શુક્રવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૦૫૪/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૮ કેસ કરી, ૩૫ વ્યક્તિઓને ઝડપી, ૪૬ લીટર દેશી દારૂ, ૨ બોટલ ઇંગ્લીશ દારૂ, ૬૭૬ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, ૧૩૦ બિયર ટીન, ૧ કાર, ૧ મોટર સાયકલ અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગારધારા હેઠળ ૨ કેસ કરી, ૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૫૬૧૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૦૫૫/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૫૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ- સમાચાર યાદી નં.૧૦૫૬/૨૦૨૩

**સાયબર ક્રાઈમઃ** સુધીર સ/ન અચ્યુતન એેળુતશન (ઉ.વ.૪૩) (રહે. “એલ” કોલોની એસ.એમ.રોડ પોલિટેક્નિક સામે આંબાવાડી) એ તા.૨૯/૦૬/૨૦૨૩ ના રોજ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે સુધીર એેળુતશન એ પોતાનુ મકાન ઓનલાઇન વેચાણ સારૂ મુકેલ હતુ. જેથી તા.૨૫/૦૬/૨૦૨૩ ના રોજ મકાન ખરીદ કરવાના બહાને મોબાઈલ નંબર ૮૪૦૬૯૨૬૪૭૮ ના ધારકે દિપક પવાર (એન.બી.સુબેદાર) તેમજ ૬૩૦૮૬૮૦૯૯, ૯૩૯૫૯૦૦૭૫૩ ના ધારકે રાજેન્દ્ર શેખાવત (સી.ઓ.કેન્ટિન) નામ જણાવી આર્મિ માંથી વાત કરતા હોવાની ઓળખ આપી બન્ને મોબાઈલના ધારકે ભેગા મળી મકાન ખરીદ કરવાનો વિશ્વાસ કેળવી મકાન ખરીદ કરવાના ટોકન પેટે ઓનલાઇન રૂપિયા ૧,૦૦,૦૦૦/- ટૉકન પેટે આપવા માંગે છે તેવી હકીકત જણાવી વિશ્વાસ કેળવી ગુગલ પે માં પૈસા મેળવવાની પ્રોસેસ કરાવી તેમના બેંકની માહીતી ભરાવી સુધીર એેળુતશનના ખાતામાંથી રૂપિયા ૫૦,૦૦૦/- મેળવી લઇ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.જે.પટેલ ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૦૫૭/૨૦૨૩**

**પાલડીઃ** મોનીકાબહેન વા/ઓ પ્રવિણકુમાર ગાંધી (ઉ.વ.૫૦) (રહે. મહેર હોમ્સ કલબ સેલા સાઉથ બોપલ) એ પાલડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૯/૦૬/૨૦૨૩ બપોરના ૨/૦૦ થી ૨/૧૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન અંજલી ચાર રસ્તા થી ચંન્દ્રનગર ચાર રસ્તા સુધીની બીઆરટીએસ બસની મુસાફરી દરમ્યાન અજાણી વ્યક્તિએ ખભામાં ભરાવેલ મોટા પર્સમાંથી રોકડ રૂપિયા ૩૨,૫૦૦/- તેમજ જરૂરી દસ્તાવેજ સાથેનુ નાનુ પર્સ ચોરી કરી લીધુ હતુ. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી કેસાભાઇ મણાભાઇ ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૦૫૮/૨૦૨૩**

**“કે” ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ** મંગુબહેન નાનાભાઇ ડામોર (ઉ.વ.૩૫)(રહે.વ્હાઇટ ઇન્ડસ્ટ્રીઝની બાજુમાં જી.એમ.હોઝનરી પ્લોટ, ભમ્મરીયા લાંભા) તા.૨૮/૦૬/૨૦૨૩ સાંજના ૭/૪૫ વાગ્યાના સુમારે લાંભાથી નારોલ તરફ જતા ટાટા કંપનીના શો રૂમ સામેથી ચાલતા રસ્તો ક્રોસ કરતા હતા ત્યારે મોટર સાયકલ નંબર જીજે.૨૭.ડીએફ.૮૨૧૫ ના ચાલક ચુડાસમા નિખીલ ધીરજલાલ (ઉ.વ.૩૦) (રહે.જગતનગર, વિભાગ-૧, ઇન્ડીયા કોલોની, બાપુનગર) એ મોટર સાયકલ પુરઝડપે અને બેદરકારીથી ચલાવી મંગુબહેનને ટક્કર મારતા ગંભીર ઇજાઓ થતા સારવાર માટે તેમને એલ.જી.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન મંગુબહેનનુ મૃત્યું નિપજ્યું હતુ. આ અંગેની ફરીયાદ મૃત્યુ પામનાર મંગુબહેનના ભાઇ ભેમાભાઇ નાનાભાઇ ડામોર એ “કે” ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ ઇન્ચાર્જ પો.ઇ.શ્રી બી.એસ.રબારી ચલાવે છે.

**ચોથા માળથી પડી જતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૦૫૯/૨૦૨૩**

**વાસણાઃ** દિશાબહેન ડો/ઓ ઠાકોરદાસ માહોર (ઉ.વ.૧૦) (રહે. શાંતાબાગ સોસાયટી વિશાલા હોટલ પાછળ ગુપ્તાનગર વાસણા) તા.૨૯/૦૬/૨૦૨૩ બપોરના ૧/૪૫ વાગ્યાના સુમારે વાસણા નંદધામ ફ્લેટ ખાતે ટ્યુશન ક્લાસમાં ગયેલ હતી. જ્યાં ચોથા માળથી પડી જતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેને વી.એસ.હોસ્પીટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉ.શ્રી એ મૃત જાહેર કરી હતી. આ અંગે વાસણા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.કે.પરીખ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૦૬૦/૨૦૨૩**

**અમરાઇવાડીઃ** મહેશકુમાર હીરાભાઈ નાગર (ઉ.વ.૩૪) (રહે. સતાધાર સોસાયટી સતાધાર રોડ અમરાઇવાડી) એ અગમ્ય કારણસર તા.૨૮/૦૬/૨૦૨૩ રાતના ૮/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે અમરાઇવાડી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રઘુવીરસિંહ ધનશ્યામસિંહ ચલાવે છે.

**વટવા જીઆઇડીસીઃ** હેતલબહેન ઈન્દ્રજીત બંગળ (ઉ.વ.૩૯) (રહે. વિનોબાભાવેનગર જીઆઇડીસી વટવા) એ અગમ્ય કારણસર તા ૨૯/૦૬/૨૦૨૩ બપોરના ૧૨/૧૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે છતના હુકમાં દોરી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે વટવા જીઆઇડીસી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એન.જે.પરમાર ચલાવે છે.

**નારોલઃ** ધર્મેન્દ્રભાઇ બાબુભાઇ સોલંકી (ઉ.વ.૪૨) (રહે. સ્વસ્તીક પ્લેટીનિયમ નક્ષત્ર સામે ભમરીયા રોડ નારોલ અસલાલી હાઇવે નારોલ) એ અગમ્ય કારણસર તા.૨૮/૦૬/૨૦૨૩ રાતના ૧૦/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે કપડું બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી આણંદભા આપાભા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી